# પેટ્રોલમાં ભાવ વધારાના વિરોધમાં આજે ભારત બંધ

નવી દિલ્હી,તા.૩૦

પેટ્રોલની કિંમતમાં તાજેતરમાં ઝીંકવામાં આવેલા કમરતોડ ભાવ વધારાના વિરોધમાં આવતીકાલે ભાજપના નેતૃત્વમાં એનડીએ દ્વારા ભારત બંધની હાકલ કરવામા આવી છે. એનડીએ દ્વારા આપવામા આવેલે ભારત બંધને ડાબેરીઓ સહિત અન્ય કેટલાક પ્રાદેશિક પક્ષોએ પણ ટેકો આપ્યો છે. ભારત બંધ દરમિયાન જનજીવનને અસર થાય તેવી શક્યતા દેખાઈ રહી છે. ભારત બંધ દરમિયાન કોઈપણ પ્રકારની હિંસા ન થાય તે માટે પણ સાવધાની રાખવામા આવી રહી છે. શાંતિપૂર્ણ રીતે ભારત બંધ દરમિયાન વિરોધ પ્રદર્શન કરવામા આવશે. આ વિરોધ પ્રદર્શન કરીને પેટ્રોલની કિંમતમાં હાલમાં જ કરવામા આવેલા ભાવ વધારાના મામલે યૂપીએ સરકાર ઉપર દબાણ લાવવામાં આવશે. પેટ્રોલની કિંમતમાં ભાવ વધારો કરવામાં આવ્યા બાદ દેશભરના લોકોમાં નારાજગીનુ મોજુ પ્રવર્તી રહ્યુ છે. સામાન્ય લોકોની સાથે સાથે જુદા જુદા રાજકીય પક્ષો પણ ભાવ વધારા સામેના વિરોધમાં આગળ આવી રહ્યા છે. ડાબેરીઓએ પણ બંધને ટેકો આપ્યો છે. આ ઉપરાંત કેટલકી સ્વૈચ્છિક સંસ્થાઓ પણ ભારત બંધમાં એનડીએની સાથે રહેવા જાહેરાત કરી ચુકી છે. પેટ્રોલની કિંમતમાં વધારો કરવામા આવ્યા બાદ ૨૪મી મેના દિવસે મુંબઈમાં ભાજપની કારોબારી બેઠકમાં ભારત બંધની હાલક કરવામા આવી હતી. ભાજપનુ કહેવુ છે કે પેટ્રોલની કિંમતમાં એક દિવસમાં આવો જંગી વધારો કયારે પણ કરવામા આવ્યો નથી. ભારત બંધને સફળ બનાવવા એનડીએ દ્વારા અપીલ કરવામા આવી છે. દિવસ દરમ્યાન દેખાવો કરવામા આવશે. એનડીએના કન્વીનર અને જેડીયુના વડા શરદ યાદવ નવી દિલ્હીમાં બંધને ટેકો આપવા જાહેરાત કરી ચુક્યા છે. તમામ પક્ષો સાથે વાતચીત કર્યા બાદ બંધની હાલક કરાઈ હતી. મહારાષ્ટ્રમાં ભાજપના સાથી પક્ષ શિવસેના અને રિપબ્લિકન પાર્ટી ઓફ ઈન્ડિયાએ બંધમાં ભાગ લેવા લોકોને અપીલ કરી હતી. ભાજપ શાસિત રાજ્યોમાં બંધની વધારે અસર જોવા મળે તેવી શક્યતા છે. રાજ્ય ભાજપના પ્રમુખ સુધીર મુંગાતીવર અને શિવસેના નેતા સુભાષ દેસાઈએ કહ્યુ છે કે જીવન જરૂરી સેવાને બંધથી દૂર રાખવામા આવશે. પરીક્ષામાં ઉપસ્થિત રહેતા વિદ્યાર્થીઓને કોઈ તકલીફ ન થાય તેવા પ્રયાસ કરવામા આવશે. મુંબઈમાં ભાવ વધારા સાથે કિંમત લિટરદીઠ ૭૮.૫૭ થઈ હતી. તેઓએ રાજ્યના બિન કોંગ્રેસી પાર્ટીઓને બંધમાં જોડવવા કહ્યુ છે. શિવસેનાના કારોબારી પ્રમુખ ઉદ્ધવ ઠાકરે પણ બંધ દરમ્યાન જોડાશે. મહારાષ્ટ્ર નવનિર્માણ સેના બંધમાં જોડાશે કે કેમ તે અંગે પૂછવામા આવતા ભાજપ અને એનડીએના સભ્યોનુ કહેવુ છે કે આંદોલનમાં જોડવવા તેમની પાટી તૈયાર છે. બંધ દરમ્યાન લોકોમાં જાગૃતિ જગાવાના પ્રયાસ થશે. જુદી જુદી જગ્યાઓએ ધરણા પણ કરવામાં આવશે.

## પેટ્રોલની કિંમતમાં આંશિક ઘટાડો કરવાનો નિર્ણય

નવી દિલ્હી,તા.૩૦

દેશની ઓઈલ કંપનીઓની આવતીકાલે મહત્વપૂર્ણ બેઠક યોજાનાર છે. આ બેઠકમાં પેટ્રોલની કિંમતમાં આંશિક ઘટાડો કરવાનો નિર્ણય કરવામા આવે તેવી પણ શક્યતા છે. એવી આશા વ્યકત કરવામા આવી રહી છે કે પેટ્રોલની કિંમતમાં ભારત બંધ વચ્ચે આવતી કાલે ઓઈલ કંપનીઓ દોઢથી બે રૂપિયાનો ઘટાડો કરી શકે છે. ઈન્ડિય ઓઈલ કોર્પોરેશન લિમિટેડ, હિન્દુસ્તાન પેટ્રલોયિમ કોર્પોરેશન લિમિટેડ અને ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રુડની કિંમતમાં તીવ્ર ઉછાળો આવ્યા બાદ અને ડોલરની સરખામણીમાં રૂપિયામાં ઘટાડો થયા બાદ ગયા બુધવારે પેટ્રોલની કિંમતમાં ૭.૫૦ રૂપિયાનો વધારો કર્યો હતો. ઓઈલ કંપનીઓએ વધારો ૬.૨૮ રૂપિયાનો કર્યો હતો પરંતુ તમામ ટેક્સને ગણવામા આવે તો આ વધારો લિટરદીઠ ૭.૫૦ રૂપિયાનો હતો. ભાવ ઘટાડાના સંબંધમાં ફરીવાર સંકેત મળી રહ્યા છે. આઈઓએલના અધ્યક્ષ આરએસ બુટોલાએ કહ્યુ છે કે કંપનીના પરિણામ બાદ પેટ્રોલની કિંમતમાં ઘટાડો કરવામા આવી શકે છે. પેટ્રોલની કિંમતમાં આંશિક ઘટાડો થવાથી લોકોને રાહત થઈ શકે છે. લોકો હાલ તીવ્ર મોંઘવારીથી પરેશાન થયેલા છે. દેશભરમાં પેટ્રોલની કિંમતમાં હાલ કમરતોડ વધારો કરવામા આવ્યા બાદ નારાજગી દેખાઈ રહી હતી. દેશભરમાં વિરોધ પ્રદર્શન કરવામા આવ્યુ હતુ. વિરોધ પ્રદર્શન બાદ સરકાર ઉપર પણ દબાણ વધ્યુ હતુ. હવે પેટ્રોલની કિંમતમાં આંશિક ઘટાડો થવાથી કેટલાક અંશે લોકોની નારાજગી દૂર થઈ શકે છે.



## લઘુમતિઓના પછાત વર્ગ સાથે સંકળાયેલા ૩૨૫ આઈઆઈટી ઉમેદવારોના ભાવિ ઉપર સંકટના વાદળ

નવી દિલ્હી,તા. ૩૦

લઘુમતિઓના પછાત વર્ગ સાથે સંકળાયેલા ૩૨૫ આઈઆઈટી ઉમેદવારોના ભાવિ ઉપર સંકટના વાદળ ઘેરાઈ ગયા છે. તેમનું ભાવિ અનિશ્ચિત બની ગયું છે. આંધ્રપ્રદેશ હાઈકોર્ટે ઓબીસી અનામતની અંદર લઘુમતીઓને ૪.૫ ટકાના પેટા ક્વોટા માટેની કેન્દ્રની દરખાસ્તને ફગાવી દીધા બાદ ૩૨૫ આઈઆઈટી દાવેદારોના ભાવિ અનિશ્ચિત બની ગયા છે. કાઉન્સીલીંગની પ્રક્રિયા વચ્ચે આવેલા આ વિદ્યાર્થીઓને ૧૪મી જૂન સુધી સીટની ફાળવણી કરવામાં આવનાર હતી. લઘુમતી પેટા ક્વોટા માટે ૪૩૨ બેઠકો અનામત રાખવામાં આવી હતી. આ વિદ્યાર્થીઓને તેમની પસંદગીના કોર્ષ અને કોલેજ તરફથી ખાતરી આપવામાં આવી હતી પરંતુ હવે આ સીટ ગુમાવવાની સ્થિતિ ઊભી થઈ ગઈ છે. કારણ કે કોર્ટના આદેશનો મતલબ એ થયો કે આ વિદ્યાર્થીઓને હવે ૨૭ ટકા ઓબીસી સીટ માટે સ્પર્ધા કરવી પડશે. કાયદા પ્રધાન સલમાન ખુરશીદે ગઈકાલે કહ્યું હતું કે આઈઆઈટી પ્રવેશ પ્રક્રિયા હજુ શરૂ થઈ નથી જેથી ક્વોટા પ્રવેશ લાગુ કરવાની બાબત રદ થઈ જશે. જ્યાં સુધી સર્વોચ્ચ અદાલત દરમિયાનગીરી કરશે નહીં ત્યાં સુધી ક્વોટા પ્રવેશને રદ ગણાશે. વિદ્યાર્થીઓના ભાવિ અંગે પૂછવામાં આવતા કાયદામંત્રી સલમાન ખુરશીદે કહ્યું હતું કે પસંદગી પામેલા ઉમેદવારો સુપ્રીમ કોર્ટમાં જઈ શકે છે અને રાહતની માંગ કરી શકે છે. માનવ સંશાધન વિકાસ મંત્રાલયના સૂત્રોએ કહ્યું છે કે હાઈકોર્ટના આદેશ બાદ પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવામાં આવી રહ્યું છે. ચુકાદા સામે સુપ્રીમ કોર્ટમાં જવાની ઈચ્છા ખુરશીદે પણ વ્યસ્ત કરી છે પરંતુ આ સમયગાળા સુધી સરકારને આદેશ પાડવા પડશે. હાઈકોર્ટના આદેશ ઉપર મનાઈ હુકમ મેળવવાની સ્થિતિમાં વિદ્યાર્થીઓને ફાયદો થઈ શકે છે. આઈઆઈટી સંયુક્ત પ્રવેશ બોર્ડમાં સૂત્રોના જણાવ્યા મુજબ ટેક સંસ્થાઓએ આગળ વધવા માનવ સંશાધન વિકાસ મંત્રાલય પાસેથી સલાહ માંગી છે. ૧૫ આઈઆઈટી, આઈટી, બીએચયુ અને આઈએસએમ ધનબાદમાં પ્રવેશ માટે કાઉન્સીલરની પ્રક્રિયા શરૂ થઈ ચૂકી છે જે ૧૦મી જૂન સુધી ચાલશે. પ્રથમ સીટ ફાળવણીની યાદી ૧૪મી જૂને જારી થશે. માનવ સંશાધન વિકાસ મંત્રાલય દ્વારા વર્ષની શરૂઆતથી પેટા ક્વોટાને અમલી બનાવવા તમામ સંસ્થાઓને કહ્યું હતું. આઈઆઈટી સરકારના નિર્ણયને અમલી બનાવનાર પ્રથમ છે.

## એનએચઆરએમ ફંડનો યોગ્ય રીતે ઉપયોગ થયો નથી

નવી દિલ્હી,તા. ૩૦

ઉત્તર પ્રદેશના ભૂતપૂર્વ મુખ્યમંત્રી માયવતીની તકલીફમાં વધારો થાયે તેવા એક ઘટનાક્રમમાં કેગે નેશનલ રુરલ હેલ્થ મિશન અંગે પોતાના અહેવાલમા આજે જણાવ્યુ હતુ કે એનઆરએચએમ ફંડને લઈને ઘણી ગેરરીતિઓ થઈ છે. ફંડનો યોગ્ય રીતે ઉપયોગ કરવામા આવ્યો નથી.

રાજ્ય સરકારને આ સ્કીમના અમલીકરણ માટે કેન્દ્ર સરકાર દ્વારા ફાળવવામા આવેલી રકમના ઉપયોગમાં ઘણી ગેરરીતિઓ અને ખામીઓ રહેલી છે. કેગના આ અહેવાલથી પૂર્વ મુખ્યમત્રી માયાવતી પર દબાણ વધી શકે છે. ઉત્તર પ્રદેશ રાજ્ય વિધાનસભામાં રજૂ કરવામા આવેલા કેગના અહેવાલમાં જણાવવામા આવ્યુ છે કે ફંડની ફાળવણી અને ઉપયોગમાં મોટાપાયે નાણાકીય ગેરરીતિઓ થયેલી છે. રાજ્ય સરકારે ૩૯૬ કરોડ રૂપિયાનુ નુકસાન કર્યુ છે. કેગના અહેવામાં જણાવવામા આવ્યુ છે કે રાજ્ય સરકારે નેશનલ રુરલ હેલ્થ મિશન સ્કીમ સાથે સંબંધિત ખર્ચ પર યોગ્ય બેલેન્સ સીટ પણ જાળવી નથી. કેગના અહેવાલમાં ઘણી ગણતરીઓ કરવામા આવી છે. વર્ષ ૨૦૦૫ અને ૨૦૧૧ વચ્ચે કેન્દ્ર સરકાર દ્વારા ઉત્તર પ્રદેશ સરકારને ફાળવવામા આવેલા ફંડના ઓડિટ અંગેના કેગના અહેવાલમા જણાવાયુ છે કે રાજ્યના અધિકારીઓ દ્વારા ૪૯૩૮ કરોડની ઉચાપત કરવામા આવી છે. સીબીઆઈએ ઉત્તર પ્રદેશન ભૂતપૂર્વ અધિકારી પીકે જૈન અને અન્યો સામે તેની પ્રથમ ચાર્જશીટ દાખલ કર્યાના આશરે એક મહિના બાદ આ મહત્વૂર્ણ અહેવાલ રજૂ કરવામા આવ્યો છે.એનઆરએચએમ સ્કીમ હેઠળ ફાળવવામા આવેલા ફંડના ઉપયોગમાં ગેરરીતિને લઈને ભારે હોબાળો પહેલા પણ થઈ ચુક્યો છે.

## વડાપ્રધાન સામે આરોપ ખોટા હશે તો ખુશી થશેઃ ટીમ અણણા

નવી દિલ્હી,તા. ૩૦


ભ્રષ્ટાચારના આક્ષેપો સાબિત થશે તો રાજકારણ છોડી દેશે તેવી વડાપ્રધાન મનમોહનસિંહે જાહેરાત કર્યાના એક દિવસ બાદ ટીમ અણણાએ આજે વળતા આક્ષેપો કર્યા હતા.ટીમ અણણાએ કોલસા કાંડના સંબંધમાં આરોપામાં તપાસ કરવા સ્વતંત્ર તપાસની માંગ કરી હતી. ટીમ અણણાએ કહ્યુ હતુ કે જો ભ્રષ્ટાચારના આક્ષેપો ખોટા સાબિત થશે તો તેમને ખુશી થશે. વડાપ્રધાન ખુબ જ સન્માનિત વ્યક્તિ છે અને તેમની સામે આક્ષેપો ખોટા સાબિત થાય તેમ અમે ઈચ્છીએ છીએ.ટીમ અણણાના સભ્ય અરવિંદ કેજરીવાલે કહ્યુ હતુ કે વડાપ્રધાન સામે તેઓ આક્ષેપ કરી રહ્યા નથી. પંરતુ કોલસા બ્લોકની ફાળવણી અંગે કેગના અહેવાલમાં વડાપ્રધાન સામે પ્રશ્નો ઉઠાવાવમા આવ્યા છે. પત્રકારો સાથેની વાતચીતમાં તેમણે કહ્યુ હતુ કે જો વડાપ્રધાન સામે કરવામા આવેલા આક્ષેપો ખોટા સાબિત થશે તો અમને ખુબ જ ખુશી થશે પંરતુ આ વાત સાબિત થવી જોઈએ. આ વાત સાબિત કઈ રીતે થાય આ મામલામાં સ્વતંત્ર તપાસ સંસ્થા દ્વારા તપાસ થવી જોઈએ. વડાપ્રધાન પોતે કહી ચુક્યા છે કે તેમની સામે કરવામા આવેલા આક્ષોપ બિલકુલ પાયા વગરના અને વાહિયાત છે. જો તેમની સામે આક્ષેપો પુરવાર થશે તો રાજકારણા છોડવાની પણ વડાપ્રધાન જાહેરાત કરી ચુક્યા છે. કેગના અહેવાલમાં કોલસા કાંડના સંબંધમાં તિજોરીને ૧.૮૦ લાખ કરોડના નુકસાનની વાત કરવામા આવી ચુકી છે. વડાપ્રધાનની સામે પણ ટીમ અણણાએ આક્ષેપોનો મારો ચલાવી દીધો છે. કેજરીવાલે કહ્યુ હતુ કે વડાપ્રધાન સામે આક્ષેપો કેગમાં કરવામા આવ્યા છે. બીજી બાજુ જનતા પાર્ટીના વડા સુબ્રમણ્યમ સ્વામીએ ટીમ અણણા પર પ્રહાર કરીને કહ્યુ છે કે ભ્રષ્ટાચારનો સિંહ ઉપર આક્ષેપ કરવામા આવ્યો છે જે યોગ્ય નથી.



## ઇન્કમટેક્સ વિભાગ પહેલી એપ્રિલ ૨૦૧૨ પહેલાના કેસો ફરી ખોલશે નહીં : પ્રણવ

નવી દિલ્હી,તા. ૩૦

ચિંતિત વિદેશી રોકાણકારોને પૂરતી રાહત આપતા નાણા પ્રધાન પ્રણવ મુખર્જીએ આજે કહ્યુ હતુ કે ઈન્કમટેક્સ વિભાગ પહેલી એપ્રિલ ૨૦૧૨ પહેલાના કેસો ફરી ખોલસે નહી. તેમણે ઉમેર્યુ હતુ કે આવકવેરો વિભાગ ખોલશએ નહી જયા પહેલી એપ્રિલ ૨૦૧૨ મૂલ્યાંકનની પ્રક્રિયા પૂરી કરી લેવામા આવી છે. પ્રત્યેક્ષ કર ભવનનો ઉદ્ઘાટન કર્યા બાદ પ્રણવ મુખર્જીએ વાતચીત કરતા જણાવ્યુ હતુ કે તેઓ સંસદમાં પણ આ સંબંધમાં ખાતરી આપી ચુક્યા છે. સીબીડીટી અથવા તો સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સ એક પોલિસી પરીપત્ર જારી કરશે જેમા સ્પષ્ટતા કરવામા આવશે કે એપ્રિલ ૨૦૧૨ના પ્રથમ દિવસ પહેલા મૂલ્યાંકનની પ્રક્રિયા થઈ ચુકી છે તેવા કેસોને ફરી ખોલવામા આવશે નહીં હવે આ સંબંધમાં સીબીડીટી દ્વારા પરિપત્ર જારી કરી દેવામા આવ્યો છે. મુખર્જીએ બજેટ ૨૦૧૨-૨૦૧૩માં ઈન્કમટેક્સ એક્ટ ૧૯૬૧માં સુધારો કરવાની દરખાસ્ત રજૂ કરી હતી. વોડાફોન પ્રકારના મર્જર અને અધિગ્રહણ સમજૂતીના કારણે કોઈપણ અસર ન થાય તેની ખાતરી કરવા ઈન્કમટેક્સમાં સુધારા કરવાની દરખાસ્ત તેઓએ રજૂ કરી હતી. સ્થાનિક સંપત્તિ સામેલ હોય તેવી વિદેશમાં થયેલી સમજૂતીના મામલામાં આ સુધારા સુચવવમા આવ્યા હતા. આ સુધારાઓ ફાઈનાન્સ બિલને રાષ્ટ્રપતિએ મંજૂરી આપી દીધા બાદ અમલી બની ગયા છે. સુધારાઓથી જુના કેસો પુનઃ ખોલવા અંગે મૂડીરોકાણકારોમાં ચિંતા ફેલાવી દીધી હતી. ભાવ વ્યવસ્થા અંગેની ચિંતાનો મુદ્દો રજૂ કરતા પ્રણવે કહ્યુ હતુ કે તેઓએ આંતરરાષ્ટ્રીય કરવેરા મામલાઓને હાથ ધરવા એક એડવાઈઝરીગ્રુપની રચના કરી છે. પ્રણવે ઉમેર્યુ હતુ કે આ ગ્રુપે ૨૫મી મેના દિવેસ તેની પ્રથમ મીટિંગ યોજી હતી. ગ્રુપ અને નાસકોમની સલાહના આધાર ઉપર ઈન્કમટેક્સ એકટની કલમ ૧૯૪જે હેઠળ સોફટવેર પર મલ્ટી લેવલ ટીડીએસને ટાળવા પરિપત્ર જારી કરવાની મંજૂરી આપી હતી. આનાથી સોફટવેર ડિસ્ટ્રીબ્યુટરના કેસમાં તકલીફો ઓછી થશે. આઈટીએકટ સમજૂતીની કલમ ૧૯૪ જેમાં પ્રોફેસનલ અને ટેકનીકલ સર્વિસ માટે ફીની બાબાતોને આવરી લેવામા આવી છે. પ્રણવને આજના નિવેદનને મહત્વપૂર્ણ ગણવામા આવે છે. બજેટ ૨૦૧૨-૨૦૧૩માં પ્રણવ મુખર્જીએ જીડીપીના ૫.૧ ટકા સુધી નાણાકીય ખાદને ઘટાડવાની વાત કરી હતી જે અગાઉના નાણાકીય વર્ષમાં ૫.૯ ટકા હતી.



## યુપીએ સરકારને ટેકો પાછો ખેંચવાની ધમકી આપી નથી

### ટેકો ખેંચવાની ધમકી આપ્યાના કલાકો બાદ કરુણાનિધીએ નિવેદન બદલી દીધુ

નવી દિલ્હી,તા. ૩૦

પેટ્રોલની કિંમતમાં ભાવ વધારાને પરત ખેંચવામા કેન્દ્ર સરકાર નિષ્ફળ જશે તો ટેકો પાછો ખેંચી લેવામા આવશે તેવી ધમકીના કલાકો બાદ જ ડીએમકેના વડા કરુણાનિધીએ આવી કોઈ ધમકી આપી હોવાનો ઈન્કાર કર્યો હતો.

કરુણાનિધીએ કહ્યુ હતુ કે મીડિયામાં તેમની વાતને ખોટી રીતે રજૂ કરવામા આવી છે. તેમણે કહ્યુ હતુ કે મીડિયામાં અહેવાલ બિન જરૂરી રીતે આવ્યા બાદ ખોટી રીતે પ્રકાશિત થયા છે. યૂપીએ સરકારને મુશ્કેલીમાં મુકે તેવુ કોઈ કામ રાષ્ટ્રપતિની ચૂટણી નજીકે છ્ ત્યારે ડીએમકે કરશે નહી. તેમણે એમ પણ કહ્યુ હતુ કે વડાપ્રધાને ડીએમકેને ખાતરી આપી છે કે ભાવ વધારાના મુદ્દાને ફરી ધ્યાન આપવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે યુપીએમાં સામેલ મુખ્ય પાર્ટી ડીએમકેના પ્રમુખ અને તમિલનાડુના ભૂતપૂર્વ મુખ્યમંત્રી કરુણાનીધિએ અગાઉ યુપીએ સરકારને ટેકો પાછો ખેંચી લેવાની ધમકી આપી હતી. તેમને કહ્યું છે જો સરકાર લોક વિરોધી નીતિઓને પડતી મૂકશે નહીં તો યુપીએ-૨થી ટેકો પાછો ખેંચી લેવામાં આવશે. ચેન્નાઈમાં પક્ષના કાર્યકરોને સંબોધતા કરુણાનીધિએ કહ્યું હતું કે લોકવિરોધી નીતિના વિરોધમાં ડીએમકે યુપીએમાંથી બહાર નીકળી જવા ખચકાટ અનુભવ કરશે નહીં. તેમણે ઉમેર્યું હતું કે યુપીએ સાથે તેઓ વાતચીત કરશે. પેટ્રોલની કિંમતમાં વધારાને લઈને વધી રહેલા વિરોધ વચ્ચે ડીએમકેએ આ મુજબની પ્રતિક્રિયા આપીહતી. કરુણાનીધિએ અગાઉ દેખાવોને સપળ બનાવવા કાર્યકરોને અપીલ કરી હતી. અન્ના દ્રમુકના સભ્યો પણ ભાવવધારાના વિરોધમાં દેખાવ કરી રહ્યા છે. કરુણાનીધિએ તેમના શાસન દરમિયાન કેન્દ્ર દ્વારા પેટ્રોલની કિંમતમાં વધારો કરવામાં આવ્યો ત્યારે પેટ્રોલ પર ટેક્સને ૩૦ ટકાથી ઘટાડીને ૨૭ ટકા કર્યો હતો. રાજ્ય સરકારે પણ પેટ્રોલ પર ટેક્સ ઘટાડવો જોઈએ. પેટ્રોલની કિંમતોમાં તીવ્ર વધારાને લઈને મનમોહનસિંહ સરકારની મુશ્કેલીઓ વધી રહી છે. આજે ડીએમકેના કાર્યકરોએ વિરોધ પ્રદર્શન કર્યું હતું. આ ગાળા દરમિયાન કરુણાનીધિએ કહ્યું હતું કે સરકારે પેટ્રોલની કિંમતમાં ભાવવધારાને તરત પાછો ખેંચી લેવો જોઈએ. અત્રે નોંધનીય છે કે ગઈકાલે કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય સંરક્ષણ પ્રધાન એન્ટોનીએ પણ પેટ્રોલની કિંમતમાં ભાવવધારાનો વિરોધ કર્યો હતો. તેમને કહ્યું હતું કે આનાથી સામાન્ય લોકો ઉપર બોજ વધી રહ્યો છે. સરકારે પેટ્રોલની કિંમતો ઘટાડવી જોઈએ. સરકારમાં સામેલ અન્ય એક પ્રધાન જયરામ રમેશે સરકારની નીતિનો બચાવ કર્યો છે. તેમને કહ્યું છે કે સરકારે ડીઝલ અને એલપીજી પરથી સબસીડી દૂર કરવી જોઈએ.



## એફએસએ અંગે બેઠકમાં કોઈ સમજૂતી થઈ ન શકી

મુંબઈ,તા. ૩૦

કોલસા અને વીજળી મંત્રાલયને આજે મહત્વપૂર્ણ મીટિંગ મળી હતી જેમાં ફ્યુઅલ સપ્લાય એગ્રીમેન્ટના મામલે કોઈપણ નક્કર પરિણામ મળ્યા ન હતા. આ મીટિંગમાં કોઈ સર્વસંમતિ સધાઈ ન હતી. ફ્યુઅલ સપ્લાય સમજૂતીમાં સીઆઈએલ દ્વારા ઘડી કાઢવામા આવેલી નવી જોગવાઈ અંગે ચર્ચા કરવા કોલસા અને વીજળી મંત્રાલયની મીટિંગ મળી હતી. આ સમજૂતીમાં રહેલી જોગવાઈને કેટલીક વિજળી કંપનીઓએ વાંધો ઉઠાવ્યો હતો. કોલ ઈન્ડિયા લિમિટેડે કહ્યુ છે કે નવી મોડલ ફ્યુઅલ સપ્લાય સમજૂતીમાં રજૂ કરવામા આવેલી શરતોનો હેતુ ખૂબ સારો રહેલો છે. પીએસયુના હિતોનુ રક્ષણ કરવાના હેતુસર ફ્યુઅલ સપ્લાય એગ્રીમેન્ટમાં નવી શરતો ઉમેરવામા આવી છે. નવી એફએસએની જોગવાઈની ચકાસણી કરવા સીઆઈએલને કોલસા મંત્રાલયે આદેશ આપ્યા બાદ આ મીટિંગ યોજાઈ હતી. આમા રહેલી શરતો સામે કેટલીક વિજળી કંપનીઓએ વાંધો ઉઠાવ્યો હતો. વીજળી મંત્રાલયે પણ કોલસા મંત્રાલય સમક્ષ પોતાની ચિંતા રજુ કરી હતી. બંને મંત્રાલયોના અધિકારીઓ ગઈકાલે મળ્યા હતા જેમાં ફ્યુઅલ સપ્લાય એગ્રીમેન્ટમાં રહેલી જોગવાઈ પર ચર્ચા કરવામા આવી હતી.

## ફ્રેન્ચ ઓપનમાં સાનિયા મિર્ઝા પ્રથમ રાઉન્ડમાં જ પરાજિત

પેરિસ,તા. ૩૦

ફ્રેન્ચ ઓપન ચેમ્પિયનશીપમાં ભારતની સ્ટાર ટેનિસ ખેલાડી સાનિયા મિર્ઝા મહિલા ડબલ્સના પ્રથમ રાઉન્ડમાં જ બહાર થઈ જતાં ભારતને મોટો ફટકો પડ્યો છે. આની સાથે જ લંડન ઓલમ્પિકમાં ભારતની ચંદ્રક જીતવાની આશાને પણ મોટો ફટકો પડ્યો છે. વ્યક્તિગત ડબલ્સ રેકીંગમાં ૧૦માં ક્રમાંક ઉપર રહેલી સાનિયા મિર્ઝાને હવે ઓલમ્પિકમાં મહિલા ડબલ્સમાં સીધી રીતે પ્રવેશ મેળવવા માટે ૧૧મી જૂન સુધી ટોચના ૧૦ ખેલાડીઓમાં સ્થાન જાળવી રાખવાની ફરજ પડશે. સાનિયા મિર્ઝા જો લંડન ઓલમ્પિકમાં મહિલા ડબલ્સ અથવા સિંગલ્સમાં સ્થાન મેળવે છે તો મિક્સ્ડ ડબલ્સમાં પણ સ્થાન મળી જશે જેમાં તે સંભવિત રીતે મહેશ ભૂપતિની સાથે જોડી બનાવશે. ફ્રેન્ચ ઓપન ટેનિસમાં સાનિયા મિર્ઝાને ખૂબ સારો દેખાવ કરવાની જરૂર હતી પરંતુ સાનિયા મિર્ઝા પ્રથમ રાઉન્ડમાં જ ફેકાઈ ગઈ છે. ગયા વર્ષે રનર્સ અપ રહેલી સાનિયા મિર્ઝાને પોતાની સાથી ખેલાડી બેથેની માટેક સૈડ્સની સાથે પ્રથમ રાઉન્ડમાં હારનો સામનો કરવો પડ્યો હતો. રશિયાની બ્રાટચિકોવા અને રોમાનિયાની ગાલોવિટ્સની જોડીએ સાનિયા અને બેથેની જોડીને ૩-૬, ૬-૪, ૫-૭થી હાર આપી હતી. સાનિયા મિર્ઝાને ટોચની ૧૦ ખેલાડીઓમાં સ્થાન જાળવી રાખવામાં મુશ્કેલી નડશે. કારણ કે માત્ર ટોચની ૧૦ ખેલાડીઓને જ ઓલમ્પિકમાં સીધો પ્રવેશ આપવામાં આવશે. તેમને પોતાના પસંદગીના સાથીની પસંદગી કરવાની પણ તક આપવામાં આવશે. ભારતીય મહિલા ટેનિસની સ્થિતિ ખૂબ જ કફોડી બનેલી છે. સાનિયા બાદ બીજી સૌથી વધુ રેન્કીંગની ખેલાડી રશ્મી ચક્રવર્તી છે. જેની ડબલ્સમાં રેકીંગ ૫૧૪મી ક્રમાંકિત છે. આ બંનેની સંયુક્ત રેકીંગ કોઈપણ રીતે ક્વોલિફિકેશન સુધી પહોંચતી નથી.



### પ્રક્રિયા કરો, પરિણામ મળશે... (પાના નં. ૪ નું ચાલુ)

...અને એટલા જ માટે પ્રારબ્ધને આધીન ન રહેતાં પુરષાર્થની પ્રક્રિયા માણસે કરવી જોઈએ. આ પ્રક્રિયા જ પરિમાણનું કારણ બને છે. એના થકી જ માણસને નવી દિશા અને નવા પ્રકારનાં દર્શન થશે. પગલે પગલે પંથ ખૂલે છે. એક પગલું ભરીને એક પગલાં પાછળની નવી ક્ષિતિજ દેખાય છે... પણ પગલું જ ન ભરીએ તો?

કેટલાકની ટેવ હોય... અનુમાન કરીને બેસી રહેવું. તેઓ એમ વિચારતા હોય છે કે ગમે તેટલી માથાકૂટ કરીશું તોય કંઇ વળવાનું નથી. નિરાશાનાં વમળો એમનાં મગજને ઘેરી વળેલાં હોય છે. પરિણામે હાથવેંતની સફળતા પણ તેઓ પામી શકતાં નથી. સફળતા તેમનાં ચરણ ચૂમવા તત્પર હોય છે... પણ તેઓ ચરણ આગળ ધપાવતા જ નથી! માત્ર એક નાનો દીવો જ સળગાવવાનો છે... જેનાથી અંધકાર દૂર થવાનો છે. પણ દીવો પેટાવવા દીવાસળી પણ સળગાવવી નથી!

થોડા વધુ ઉદાહરણો જોઈએ... વિદ્યાર્થીએ પાસ થવું છે, તો એણે વાંચવું જોઈએ. એકાગ્રતા કેળવવી જોઈએ. સ્નાતક થયેલા નવયુવાનો નોકરી મેળવવી છે, તો એણે છાપામાંથી **WANTED** વાંચીને અરજીઓ કરવી પડશે. એણે ઈન્ટરવ્યુ આપવો છે તો પૂર્વતૈયારી કરી મનને માહિતી અને વિચારથી સજ્જ કરવું જોઈએ. સૈન્યે યુધ્ધ કરવું પડશે તો સારી જાતનું બિયારણ લાવી જમીનમાં યોગ્ય સમયે એનું વાવેતર કરવું પડશે. કૂવામાંથી પાણી કાઢવું છે તો ડોલ અને દોરડું શોધી પાણી સીંચવું પડશે. સારું મકાન બનાવવું છે તો સારો સ્થપતિ શોધી એની સાથે ચર્ચા-વિમર્શ કરવાં પડશે. શરીર સ્વસ્થ રાખવું છે તો વ્યાયામ કરવો પડશે. પાણી ઉપરની ટાંકીમાં ચડાવવું છે તો મોટરની સ્વીચ ચાલુ કરવી પડશે. માણસે સારા માણસ બનવું છે તો સદ્વિચાર, સદ્સાહિત્ય અને સજ્જનોનો સંગ કરવો પડશે.

ટૂંકમાં, કોઈ પણ પ્રકારનું પરિણામ જોઈએ તો પ્રક્રિયા તો કરવી જ પડશે... એના વિના નહીં ચાલે.

## શ્રીનગરમાં સીઆરપીએફના જવાનો ઉપર ગોળીબાર કરાયો

શ્રીનગર,તા. ૩૦

શ્રીનગર શહેરમાં આજે વહેલી સવારે આતંકવાદીઓએ સીઆરપીએફના જવાનો ઉપર હુમલો કરી દીધો હતો. આતંકવાદીઓ દ્વારા કરવામાં આવેલા આ ગોળીબારમાં સીઆરપીએફના સાત જવાનોને ઈજા થઈ હતી. પ્રાથમિક અહેવાલોમાં જણાવવામાં આવ્યું છે કે મોટર સાઈકલ ઉપર આવેલા બે આતંકવાદીઓએ સીઆરપીએફના એક વાહન પર અંધાધૂધ ગોળીબાર કર્યો હતો. સીઆરપીએફના આ જવાનો આ વાહનમાં મુસાફરી કરી રહ્યા હતા. રેનવાડી વિસ્તારમાં બનેલા આ બનાવથી ભારે સનસનાટી મચી ગઈ હતી. ગોળીબારમાં સીઆરપીએફના સાત જવાનોને ઈજા થઈ હતી. સારવાર માટે આ તમામ જવાનોને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. બે જવાનોની હાલત ગંભીર જણાવવામાં આવી છે. બનાવની જાણ થયા બાદ તરત જ સુરક્ષાદળો અને પોલીસે તમામ જગ્યાએ મોરચા સંભાળી દીધા હતા અને ઊંડી તપાસ હાથ ધરી હતી. વાહન ઉપર ગોળીબાર કરનાર મોટર સાઇકલ ઉપર આવેલા આતંકવાદીઓની શોધખોળ હાથ ધરાઈ હતી. સીઆરપીએફના જવાનો ઉપર કરવામાં આવેલા ગોળીબારના સંબંધમાં કોઈ સંગઠને હજુ સુધી કોઈ જવાબદારી સ્વીકારી નથી. કટ્ટરપંથી અલગતાવાદી નેતા સૈયદ અલી શાહ ગિલાનીએ આજે દ. કાશ્મીરના સોપીયન વિસ્તારમાં મે ૨૦૦૯માં બે મહિલાઓ ઉપર બળાત્કાર અને હત્યાના મામલે બંધની હાંકલ કરી છે.